ક્રમાંક–૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**

**સોમવાર, તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રગીતની ધૂન બજાવી કરવામાં આવી.)

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૮મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૫ થી ૧૯૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપો ૨ના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રમણીકલાલ રૂપાણી તથા વિમાન દુર્ઘટનાના કારણે અવસાન પામેલ અન્ય દિવંગતો, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી સ્વ.શ્રીમતી હેમાબેન સૂર્યકાંત આચાર્ય, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી સ્વ.ઇશ્વરસિંહ શિવાજી ચાવડા અને સ્વ.શ્રીમતી નૂરજહાંબખ્ત મોહમ્મદ ઇબ્રાહીમખાન બાબી, ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વ.બળવંતરાય બચુલાલ મણવર તથા પૂર્વ સભ્યો સ્વ.શ્રી ભૂપેન્દ્રકુમાર સેવકરામ પટણી અને સ્વ.શ્રી રણછોડભાઇ કરશનભાઇ મેરના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ડૉ.તુષાર ચૌધરી, સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી શ્રી રાઘવજીભાઇ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયા, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી ગોપાલ ઇટાલીયા, શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી ઉદયભાઇ કાનગડ, શ્રી જયંતિભાઇ એસ.પટેલ, શ્રી સંજયભાઇ કોરડીયા, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી પંકજભાઇ દેસાઇ, શ્રી ધવલસિંહ ઝાલા, શ્રી ભગાભાઇ બારડ, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા અને શ્રી અમુલભાઇ ભટ્ટએ પણ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**માન.સ્વ.વિજયભાઇ રૂપાણીની છબીના અનાવરણ અંગે.**

માન. સ્વ.વિજયભાઇ રૂપાણીની છબીના અનાવરણ અંગે પ્રથમ માળે આવેલ પોડિયમ ખાતે ગૃહના તમામ સભ્યશ્રીઓને હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૪. બેઠક મુલતવી રાખવા અંગે.**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાત વિધાનસભાના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી વિજયભાઇ રૂપાણીના માનમાં પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવાનો પ્રસ્તાવ

રજૂ કરતાં કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડૉ.કિરીટકુમાર ચી.પટેલે તેને સમર્થન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્દઅનુસાર સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, મંગળવાર તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૪૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**મંગળવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૦૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૧૦થી ૧૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૫નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૫નો ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) સન ૨૦૨૫નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૫નો કારખાના(ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૩) નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના મહાનગરપાલિકાઓના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો.

(૧) સન ૨૦૧૬–૧૭નો મહાનગરપાલિકાનો ઓડિટ અહેવાલ.

(૨) સન ૨૦૧૭–૧૮નો મહાનગરપાલિકાનો ઓડિટ અહેવાલ.

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૪) ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા**

(૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું સન ૨૦૦૩નું વિદ્યુત અધિનિયમ અન્વયેનું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનું તા.૨૮/૦૩/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/૨૦૨૫/ ૦૬/ લીગલ/૦૪૫૨

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૭) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના,

(૧) સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૧૯/૦૫/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/ ૧૨૭/ ૨૦૨૨/૫૩/એ

(૨) સન ૧૯૭૯ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૧૯/૦૫/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/ ૧૨૮/ ૨૦૨૨/૫૩/એ

**માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા**

(૮) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના તા.૨૯/૧૦/૨૦૨૪નાં

(૧) જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૪નો ૪૦/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઇ.ફાઇલ/ ૧૪/૨૦૨૩/ ૫૯૭૫/ સેકશન–જી

(૨) જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૪નો ૪૧/ઇએલસી/પીઆરએચઆરડીડી/જીઆરટી/ ઇ.ફાઇલ/૧૪/ ૨૦૨૩/ ૫૯૭૫/ સેકશન–જી

**પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજી પટેલ**

**૩. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૫ના વિધેયક ક્રમાંક– ૭, ૮, ૯, ૧૦, ૧૪ અને ૧૫ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૪. કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો દસમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૬. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની પ્રસિદ્ધિ અંગે**

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ અથવા સમિતિએ લીધેલા આખરી અથવા કામચલાઉ નિર્ણય જ્યાં સુધી ગૃહમાં રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી સમિતિના સભ્ય અથવા સમિતિની કાર્યવાહીની જેને જાણ હોય તેવી વ્યક્તિ સીધી કે આડકતરી રીતે તે અંગેની માહિતી પ્રિન્ટ મીડિયા, ઇલેકટ્રોનિકસ મીડિયા અથવા અન્ય કોઇપણ વ્યક્તિને આપી શકાતી ન હોવાથી કામકાજ સલાહકાર સમિતિના તમામ સભ્યશ્રીઓને ભવિષ્યમાં આ અંગેની કાળજી લેવા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૭. વૈધાનિક પ્રસ્તાવ સિવાયના સરકારી પ્રસ્તાવો.**

**(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો પ્રસ્તાવ. (૬૦ મિનિટ)**

**''ઓપરેશન સિંદૂરની સફળતા અંગે''**

તાજેતરમાં આપણા યશસ્વી અને લોકલાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના સબળ નેતૃત્વમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરને અંજામ આપ્યો હતો. લશ્કરની ત્રણેય પાંખની બહાદુરીપૂર્ણ કામગીરીની નોંધ લઇને આદરણીય વડાપ્રધાનશ્રીને અને આપણી સેનાની ત્રણેય પાંખને ઓપરેશન સિંદૂરની સફળતા માટે અંતઃકરણપૂર્વકના અભિનંદન પાઠવતો પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ એ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૩) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૪) શ્રી પૂર્ણેશભાઇ મોદી
(૫) શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા (રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી)
(૬) શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**(૨) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો પ્રસ્તાવ (૬૦ મિનિટ)**

**''જી.એસ.ટી.દરોના ક્રાંતિકારી સુધારાઓ અંગે''**

તાજેતરમાં તા.૦૩/૦૯/૨૦૨૫ના રોજની ૫૬મી જી.એસ.ટી. કાઉન્સિલની બેઠકમાં સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ અને ઉદ્યોગોને લાભકારી થાય તે રીતે જી.એસ.ટી. માળખામાં ક્રાંતિકારી સુધારા સૂચવ્યા છે. આ ક્રાંતિકારી સુધારાઓ માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડક)

(૨) શ્રી પ્રકાશભાઇ વરમોરા (પ્રવચન અધૂરું)

**( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦ )**

વિરામ બાદ સભ્યશ્રી પ્રકાશભાઇ વરમોરાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) ડૉ.પ્રદ્યુમનભાઇ વાજા (૪) શ્રી વિજયભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી)

ચર્ચાનો જવાબ નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૫નું ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી અમુલ ભટ્ટ
(૨) શ્રીમતી રિવાબા જાડેજા
(૩) શ્રી શૈલેષ પરમાર
(૪) શ્રીમતી મનીષાબેન વકીલ
(૫) શ્રી હેમંતભાઇ આહીર
(૬) શ્રી નરેશભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૬ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૫નું ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો વિધેયક ઉપરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં કોંગ્રેસ પક્ષના દંડક ડૉ.કિરીટકુમાર પટેલે તેને સમર્થન આપતાં, અધ્યક્ષ સ્થાનેથી માનનીય સભાપતિશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના ૪.૪૮ કલાક)

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી મહેશભાઇ કસવાલા

(૨) ડૉ.સી.જે.ચાવડા

**૧૧. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**''જુદા જુદા કાયદાઓમાં એક જ વિધેયકથી સુધારા કરવા બાબત''**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી અલગ અલગ કાયદાઓમાં એક જ સુધારા વિધેયકથી સુધારા થઇ શકે કે કેમ તે અંગે માનનીય અધ્યક્ષશ્રીનુ' ધ્યાન દોર્યું હતું. સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં દલીલ કરી જણાવ્યું હતું કે, જુદા જુદા કાયદાઓની એકસરખી જોગવાઇઓ(સજા અંગેની જોગવાઇઓ) એક જ સરખો સુધારો કરવાનો હોઇ એક જ વિધેયકથી અલગ અલગ કાયદાઓમાં સુધારા કરવા ધાર્યું છે. આ સંબંધે સભ્યશ્રી રમણભાઇ વોરાએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું. અધ્યક્ષ સ્થાનેથી સભાપતિ (શ્રી ગણપતભાઇ વસાવા)એ નિર્ણય આપ્યો હતો કે માન.મંત્રીશ્રીએ વિધેયક સભાગૃહમાં દાખલ કરવાની

પરવાનગી માગી તે સમયે સભ્યશ્રીએ વાંધો રજૂ કર્યો હોત તો ચર્ચા થઇ શકી હોત. માન.મંત્રીશ્રીને સભાગૃહે વિધેયક દાખલ કરવાની અનુમતિ પણ આપી દીધી છે અને પ્રથમ વાંચનના પ્રસ્તાવ પર ચર્ચા ચાલુ હોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો હતો.

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડક)
(૪) શ્રી હેમંતભાઇ આહીર
(૫) શ્રી કેશાજી ચૌહાણ
(૬) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૭) શ્રી ગણપતસિંહ વસાવા

ચર્ચાનો જવાબ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, ૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, ૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા. ૧૦મી સપ્ટેમ્બર , ૨૦૨૫ના રોજ સવારના ૦૯–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૬.૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૦૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**

**બુધવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, અને ૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૮થી ૨૩૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભ્યશ્રી દ્વારા મુદ્દો ઉપસ્થિત કરવા અંગે**

પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમૃતજી ઠાકોર પોતાના સ્થાન ઉપર ઊભા થઈ બનાસકાંઠા જિલ્લામાં થયેલ ભારે વરસાદ અંગેની રજૂઆત કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોમાં આવી તાકીદની બાબત ઉપસ્થિત કરવા જોગવાઈ કરવામાં આવેલી છે તદઅનુસાર આપે કાર્યવાહી કરવી જોઈતી હતી તેમ જણાવ્યું. તેમ છતા સભ્યશ્રી અમૃતજી ઠાકોર અને શ્રી કાન્તીભાઈ ખરાડી દ્વારા માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાની અવગણના કરી પ્રિન્ટ કરેલ કાગળો સાથે વેલમાં આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓ પાસેથી પ્રદર્શનદર્શક કાગળો લઈ લેવા સાર્જન્ટને આદેશ આપતાં, સલામતી દળના સભ્યો દ્વારા સભ્યશ્રીઓના હાથમાંથી પ્રદર્શનદર્શક કાગળો લઈ લેવામાં આવ્યા. ત્યારબાદ ગૃહ ઓર્ડરમાં આવ્યું હતું.

**૩. જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે નિયમ–૪૪ હેઠળનું ભારત સરકાર દ્વારા જી.એસ.ટી.ના દરોમાં કરાયેલ ઘટાડા બાદ કૃષિ યાંત્રિકીકરણ સહાય યોજનાઓ હેઠળ ખરીદીની સમયમર્યાદા ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૩૦ દિવસ લંબાવી આપવા માટેની જાહેરાત કરતું નિવેદન કર્યુ અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ભારતના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો

(૧) સન ૨૦૨૩–૨૪ના વર્ષ માટેના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ.

(૨) મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રના કામદારોના કલ્યાણ અંગેનો માર્ચ ૨૦૨૨ના પૂરા થતા વર્ષ માટેનો અહેવાલ.

(૩) ગુજરાતમાં જિલ્લા ખનીજ નીધિ ટ્રસ્ટ સહિત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણના કામગીરી ઓડિટ પરનો અહેવાલ.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૨) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૦–૨૧ થી ૨૦૨૨–૨૩ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

(૧) સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ.

(૨) સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ.

(૩) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ.

**માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૩) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ,

હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૨૧–૨૨ થી ૨૦૨૩–૨૪ સુધીના વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દશાર્વતાં નિવેદન.

(૧) સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ.

(૨) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ.

(૩) સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ

**માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોર**

(૭) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૮) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૯) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સન ૨૦૨૦–૨૧ થી ૨૦૨૨–૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

(૧) સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૨) સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૩) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ.

**આપત્તિ વ્યવસ્થાપન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૧૦) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૨–૨૩ થી ૨૦૨૪–૨૫ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૨–૨૩ તથા ૨૦૨૩–૨૪ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

(૧) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૨) સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૩) સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ.

**ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ**

(૧૧) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૦–૨૧થી ૨૦૨૩–૨૪ સુધીના વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

(૧) સન ૨૦૨૦–૨૧ના વાર્ષિક હિસાબો.

(૨) સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક હિસાબો.

(૩) સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો.

(૪) સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો.

**ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ**

(૧૨) સન ૨૦૧૯ના અવિનયમિત થાપણ યોજનાઓ પર પ્રતિબંધ અધિનિયમ અન્વયેનું નાણા વિભાગનું તા.૧૦/૦૩/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીએન–૧૮–એમઆઇએસ–૧૦૨૦૧૯–ઓ–૩૫૫–એન.

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૧૩) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના,

(૧) રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(૨) ગુજરાત રાજ્ય દ્વારા બાંહેધરી આપવાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(૩) બાંહેધરી આપનારની રૂએ રાજ્ય સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન જે તે સંસ્થાઓ/વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૫. માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત**

સભાગૃહની નાણાકીય સમિતિઓ તેમજ બિન–નાણાકીય સમિતિઓની મુદત આઠમા સત્ર સુધી લંબાવવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૬. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત.**

**(૧) જાહેર હિસાબ સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલની રજૂઆત**

જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ સમિતિના કામકાજને સંબંધિત પોતાનું મંતવ્ય વ્યક્ત કરી સમિતિનો પાંચમો અને છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

**(૨) જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ શ્રી ગણપતસિંહ વસાવાએ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

**(૩) અંદાજ સમિતિના સાતમા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના પ્રમુખ શ્રીમતી મનીષાબેન વકીલે સમિતિના કામકાજને સંબંધિત પોતાનું મંતવ્ય વ્યક્ત કરી સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

**(૪) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશભાઇ કસવાલાએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**(૫) ગૌણ વિધાન સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

ગૌણ વિધાન સમિતિના પ્રમુખશ્રી અનિરુદ્ધભાઇ દવેએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**(૬) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી અભેસિંહ તડવીએ સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૭. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશભાઇ કસવાલાનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશભાઇ કસવાલાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૮. સરકારી વિધેયકો**

(૧) માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૫નું ગુજરાત કારખાના (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૯. અધ્યક્ષશ્રીની સૂચના**

વિધેયકની ચર્ચા દરમ્યાન જે તે વિભાગના સિનિયર અધિકારીશ્રીઓએ ગૃહમાં હાજર રહેવા અંગેની સૂચના મુખ્ય સચિવશ્રીને કરવા માટે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી (પ્રવચન અધૂરું)

**( વિરામ સવારના ૧૧.૦૦ થી ૧૧.૩૦ )**

વિરામ બાદ સભ્યશ્રી જીજ્ઞેશભાઇ મેવાણીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી હાર્દિકભાઇ પટેલ
(૩) શ્રી સંજયભાઇ કોરડીયા
(૪) શ્રી શૈલેષભાઇ પરમાર
(૬) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૭) શ્રી સી.કે.રાઉલજી
(૮) શ્રી ઉમેશભાઇ મકવાણા

(૫) શ્રી વિનોદભાઈ મોરડીયા (૯) શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પ્રવચન અધૂરું)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલે માનનીય મંત્રીશ્રીનો વિધેયક ઉપરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા તથા ત્યારબાદ વિરામ અંગેનો પ્રસ્તાવ મૂકતાં કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી અનંત પટેલે તેને સમર્થન આપતાં, અધ્યક્ષશ્રીએ તદ્દનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના ૧.૧૭)

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨થી ૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૮ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**( વિરામ બપોરના ૧.૫૩ થી ૨.૩૦ )**

**(૨)** માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૫નું ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.પાયલ કુકરાની (૩) ડૉ.દર્શનાબેન દેશમુખ

(૨) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડક)

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જવાબ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૩)** માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે સન ૨૦૨૫નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૫નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન)(દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.હસમુખ પટેલ (૪) શ્રી ઉમેશભાઈ મકવાણા

(૨) ડૉ.કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડક) (૫) શ્રીમતી નિમીષાબેન સુથાર

(૩) ડૉ.દર્શિતા શાહ

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જવાબ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે

સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**''વોકલ ફોર લોકલની રાષ્ટ્રવ્યાપી ચળવળ અંગે''**

સભ્યશ્રી કેયુરભાઇ રોકડીયાએ ''વોકલ ફોર લોકલ રાષ્ટ્રીય ચળવળ'' માં અર્થતંત્ર, ઇન્ફ્રાસ્ટ્રકચર, સિસ્ટમ, વાયબ્રન્ટ ડેમોગ્રાફી અને ડિમાન્ડ જેવા પાંચ સ્તંભના આધારે આદરણીય વડાપ્રધાને ''આત્મનિર્ભર ભારત'' અભિયાન દ્વારા સ્વાવલંબી ભારતની ઝુંબેશ ઉપાડી. ''વોકલ ફોર લોકલ''ને ચરિતાર્થ કરવા ''મેઇક ઇન ઇન્ડિયા'', ''સ્ટાર્ટઅપ ઇન્ડિયા'' અને ''ડિજિટલ ઇન્ડિયા'' દ્વારા ભારતને ઉત્પાદનનું પાવરહાઉસ બનાવવાના પ્રયાસને આગળ ધપાવવા અંગેનો પ્રસ્તાવ સભાગૃહમાં ચર્ચા વિચારણા કરવા માટે રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૨) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૩) શ્રી પ્રવિણભાઇ માળી
(૪)શ્રી ઋષિકેશભાઇ પટેલ (આરોગ્ય મંત્રીશ્રી)
(૫) શ્રી બલવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી)

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું અને છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ–૮૭–ક)**

**૧૪.** સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે કુલ–૬૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૧૫. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે.**

**માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૪.૫૮ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.**

ત્યારબાદ ''વંદે માતરમ'' રાષ્ટ્રીય ગીતની ધૂન વગાડવામાં આવી.

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫